Dr. Babasaheb Ambedkar Open University
Term End Examination January – 2017

સૂચના :
1. તમામ પ્રશ્નોના જવાબ ફરજીયાત છે.
2. જયાં સુધી ખંડનિરીક્ષક ન જણાવે ત્યાં સુધી જવાબ લખવાનું શરૂ કરવું નહિ.
3. જવાબપત્રકની પાછળ આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચ્યા બાદ જવાબ લખવાનું શરૂ કરવું
4. પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્ર અને જવાબપત્ર બંને ખંડ–નિરીક્ષકને એક સાથે પરત કરવાનું અનિવાર્ય છે. આથી કોઈપણ પરીક્ષાર્થીએ પ્રશ્નપત્ર પોતાની સાથે લઈ જવાનો આગ્રહ રાખવો નહિ. પ્રશ્નપત્ર સાથે લઈ જનાર વિદ્યાર્થી આ પરીક્ષા માટે ગેરલાયક ઠરશે.
5. વૈકલ્પિક પસંદગીના દરેક પ્રશ્નના ઉત્તર માટે ચાર વિકલ્પ જણાવ્યા છે. જેમાંથી એક સાચો હોવાની શકયતા છે. સાચો જવાબ પસંદ કરી જવાબપત્રકમાં યોગ્ય ખાનામાં (x) નિશાની કરો.
6. જે વિદ્યાર્થી પોતાનો સાચો નોંધણી નંબર નહીં દર્શાવે તેનું પરિણામ રદ થશે.

નોંધણી નંબર: ____________________

Course	:	**CCCD**	**Date**	:	**22-Jan-17**
Subject Code	:	**CCCD-02**	**Time**	:	**11:00 TO 2:00**
Subject Name	:	**સમુદાય માટે પોષણ**	**Duration**	:	**03 Hours**
			Max. Marks	:	**100**

---

1 આહારમાંથી મળતાં રસાયણિક પદાર્થોને શું કહેવામાં આવે છે?
(A) પોષણ ગ્લિસરીન (B) પોષક ઘટકો (C) સલ્ફ્યુરિક એસિડ (D) એસીટીક એસિડ

2 આહારના મુખ્ય કાર્યો કેટલા?
(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) દસ

3 પોષણ એ શેની શાખા છે?
(A) વિનયન (B) સમાજ (C) વિજ્ઞાન (D) ઈતિહાસ

4 કેલ્શિયમ શરીરમાં શેને મજબૂત બનાવવામાં મદદરૂપ થાય છે?
(A) અંતઃસ્ત્રાવ (B) ચામડી (C) વાળ (D) હાડકા અને દાંત

5 માછલી,ઈંડા અને માંસ કેવું ભોજન છે?
(A) રાજસિક (B) સાત્વિક (C) તામસિક (D) સામુદાયિક

6 લોહીનું ઊંચું દબાણ કોનું લક્ષણ છે?
(A) ભૌતિક સ્વસ્થતા (B) શારીરિક અસ્વસ્થતા (C) માનસિક સ્વસ્થતા (D) સામુદાયિક અસ્વસ્થતા

7 શરીરમાં એક અથવા એકથી વધુ પોષક ઘટકોની ખામીને શું કહેવાય?
(A) અતિપોષણ (B) સ્વસ્થ પોષણ (C) અલ્પ પોષણ (D) સામુદાયિક પોષણ

8 શરીરમાં એક અથવા એકથી વધુ પોષક ઘટકોની અતિરિકતતાને શું કહેવાય?
(A) માનસિક પોષણ (B) અતિપોષણ (C) વૈજ્ઞાનિક પોષણ (D) સામાજીક પોષણ

9 કોઈપણ પ્રાણીનાં શરીરનું સૌથી નાનું એકમ જે સ્વતંત્રરૂપે પોતાનું કાર્ય કરવા સમર્થ હોય તેને શું કહેવાય?
(A) ઉત્તક (ટીશ્યું) (B) કોષ (Cell) (C) DNA (D) RNA

10 પોશાકતત્વોની રસાયણિક સંરચના તથા ગુણોના આધાર પર કેટલા વર્ગોમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે?
(A) 3 (B) 5 (C) 12 (D) 9

11 કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન, ચરબી અને પાણીને કઈ માત્રાનાં પોષક ઘટકો કહેવાય?
(A) સુક્ષ્મમાત્રા (B) બૃહદમાત્રા (C) જટીલમાત્રા (D) A અને C બંને

12 સૂક્ષ્મમાત્રાનાં પોષક ઘટકો કોને કહેવાય?
(A) ખાટાં ફળો (B) ધાન્ય અને કઠોળ (C) વિટામીન અને ખનીજક્ષારો (D) કાર્બોહાઈડ્રેટ,પ્રોટીન અને ચરબી

13 પાચનતંત્રમાં રહેલા ઉત્સેચકો શેના બનેલાં હોય છે?

(A) ચરબી (B) પ્રોટીન (C) વિટામીન (D) ક્ષાર

14 એક ગ્રામ કાર્બોદિત પદાર્થ લગભગ કેટલા કિલો કેલરી પ્રદાન કરે છે?

(A) 12 (B) 10 (C) 7 (D) 4

15 પ્રોટીનનું મુખ્ય કાર્ય શું છે?

(A) લોહી બનાવવામાં મદદરૂપ (B) વિટામીન Bનું પાચન (C) શારીરિક વૃધ્ધિ (D) ફોસ્ફરસનું શોષણ

16 ખોરાક ચાવતી વખતે મુખમાંથી ભળતી લાળમાં રહેલા ઉત્સેચકનું નામ જણાવો

(A) ટાઈલીન (B) પેપ્સિન (C) માલ્ટેઝ (D) એમાયલેઝ

17 અનાજના દાણાના મુખ્ય કેટલા ભાગ હોય છે?

(A) 2 (B) 3 (C) 7 (D) 9

18 સામાન્ય પરિસ્થિતિઓમાં મનુષ્યના શરીરનું તાપમાન કેટલી ડિગ્રી ફેરનહીટ હોય છે?

(A) 50.6 (B) 78.9 (C) 92.7 (D) 98.4

19 દરેક પ્રકારના પ્રોટીનનું બંધારણ કરતા એકમો શું છે?

(A) લેક્ટિક એસિડ (B) એમીનો એસિડ (C) સ્ટુક્રોઝ (D) ફ્રુકટોઝ

20 ચરબીના એક ગ્રામમાંથી કેટલા કિલો કેલરી ઉર્જા મળે છે?

(A) 5 (B) 15 (C) 9 (D) 22

21 વિટામીન B_1 કોને કહેવાય?

(A) બીટા કેરોટીન (B) સાઈટ્રીક એસિડ (C) રેટિનોલ (D) થાયામીન

22 વિટામીન C નું બીજું નામ જણાવો

(A) એસીટીક એસિડ (B) હાઈડ્રોક્લોરિક એસિડ (C) એસ્કોર્બીક એસિડ (D) લેક્ટિક એસિડ

23 વિટામીન C નું મહત્વનું કાર્ય શેનાં અવશોષણમાં મદદ કરે છે?

(A) ચરબી (B) લોહતત્વ (C) કેલ્શિયમ (D) ફોસ્ફરસ

24 સોયાબીનમાં વધુ માત્રામાં કયો ક્ષાર હોય છે?

(A) કેલ્શિયમ (B) મેગ્નેશિયમ (C) પોટેશિયમ (D) આયોડીન

25 વ્યક્તિનાં શરીરમાં ખનીજક્ષારોની માત્રા શરીરનાં કુલ વજનના કેટલા પ્રતિશત હોય છે?

(A) 2 થી 3 પ્રતિશત (B) 4 થી 6 પ્રતિશત (C) 9 થી 12 પ્રતિશત (D) 18 થી 20 પ્રતિશત

26 થાઇરોઇડના નિર્માણમાં કયો ક્ષાર જરૂરી છે?

(A) ફોસ્ફરસ (B) લોહતત્વ (C) માયોગ્લોબિન (D) આયોડિન

27 કયા અનાજમાંથી લોહતત્વનો સારો સ્ત્રોત છે?

(A) મકાઈ (B) બાજરી (C) ઘઉં (D) ચોખા

28 સ્ત્રીનાં શરીરમાં ગર્ભની વૃધ્ધિ કયા અંગમાં થાય છે?

(A) પ્લાસન્ટા (B) બીજાશય (C) ગર્ભાશય (D) જઠર

29 સ્તનપાન અવસ્થામાં રોજનું સરેરાશ કેટલા મિ.લી. દૂધ સ્ત્રાવિત થાય છે?

(A) 400 (B) 850 (C) 1200 (D) 1600

30 એક વ્યક્તિના જીવનમાં શૈશવકાળની અવધી ક્યાંથી કેટલા વર્ષ સુધીની હોય છે?

(A) 6 માસ થી 15 માસ (B) 0 થી 1 વર્ષ (C) 0 થી 3 વર્ષ (D) 2 માસ થી 12 માસ

31 5 મહિનાના શિશુનું વજન તેનાં જન્મસમય કરતા કેટલા ગણું થઇ જાય છે?

(A) 3 ગણું (B) ડબલ (C) 5 ગણું (D) 7 ગણું

32 શિશુની વૃદ્ધિની તપાસ કયા માપથી નિર્ધારિત કરવામાં આવે છે?

(A) દેખાવ (B) વજન-લંબાઈ (C) તંદુરસ્તી (D) સક્રિયતા

33 બાળકને પૂરક આહાર આપવાનો પ્રારંભ ક્યારે કરવો જોઈએ?

(A) 3 થી 4 માસ (B) 4 થી 6 માસ (C) 5 થી 7 માસ (D) 8 થી 10 માસ

34 બાળકને પૂરક આહાર આપવાની સાથે શું ચાલુ રાખવું જોઈએ?

(A) સ્તનપાન (B) ફળોના જ્યુસ (C) ઘઉંના લોટની રાબ (D) ધાન્યનો પલ્પ

35 શાળાપૂર્વના 4 થી 6 વર્ષના બાળકની પ્રોટીનની જરૂરિયાત જણાવો.

(A) 5 ગ્રામ (B) 10 ગ્રામ (C) 20 ગ્રામ (D) 30 ગ્રામ

36 તીવ્ર વૃધ્ધિ તથા વિકાસનો સમય કોને કહેવાય?

(A) પુખ્તાવસ્થા (B) કિશોરાવસ્થા (C) વૃદ્ધાવસ્થા (D) શૈશવકાળ

37 શાળાએ જતી 10 થી 12 વર્ષની છોકરીમાં કેટલા મિલીગ્રામ લોહતત્વની જરૂર પડે છે?

(A) 15 મિ.ગ્રામ (B) 19 મિ.ગ્રામ (C) 25 મિ.ગ્રામ (D) 40 મિ.ગ્રામ

38 લીલીદ્રાક્ષમાં કેટલા % ટકા પાણીનું પ્રમાણ હોય છે?

(A) 50% (B) 80% (C) 20% (D) 60%

39 કયા કંદમૂળમાં કેરોટીન વધુ માત્રામાં રહેલું છે?

(A) બટાકા (B) સુરણ (C) મૂળા (D) ટેપિયોકા

40 ચરબી શેનો સારો સ્રોત છે?

(A) ક્ષાર (B) વિટામીન (C) પ્રોટીન (D) શક્તિ

41 ખાદ્યપદાર્થની બનાવટમાં સ્વાસ્થયની દ્રષ્ટીએ શું વાપરવું હિતાવહ છે?

(A) શુદ્ધ ઘી (B) ડાલ્ડા ઘી (C) વનસ્પતિજન્ય તેલ (D) A અને B બંને

42 લાયસિનનું પ્રમાણ શેમાં વધુ હોય છે?

(A) અનાજ (B) દાળ અને કઠોળ (C) શાકભાજી (D) A અને B બંનેમાં

43 કયા કઠોળ દ્વારા પેટમાં સૌથી વધુ ગેસ બને છે?

(A) મગ (B) મસુર (C) અડદ (D) ચણા

44 કેરેમલ શેમાંથી બનાવવામાં આવે છે?

(A) સોજી (B) ગોળ (C) સાબુદાણા (D) ખાંડ

45 અધિકાંશ બેક્ટેરિયા,યીસ્ટ તથા ફુગ સૌથી વધુ કયા સેન્ટીગ્રેડ ઉષ્ણતામાને વિકસિત પામે છે?

(A) 10° થી 30° (B) 16° થી 38° (C) 20° થી 35° (D) 08° થી 12°

46 મોટાભાગના જીવાણું કેટલા સેન્ટીગ્રેડ પર નાશ પામતા હોય છે?

(A) 60° થી 70° (B) 80° થી 93° (C) 50° થી 55° (D) 22° થી 35°

47 હળદર તથા જલેબીમાં રંગ લાવવા માટે વપરાતો પદાર્થ કયો છે?

(A) લેથાઈરસ સ્ટીવસ (B) મેટાનીલયલો તથા લેડ ક્રોમેટ (C) મેલાફાઈટ ગ્રીન (D) આર્જીમોનનાં બીજ

48 કેન્સર થવા માટે વપરાતો પદાર્થ

(A) કેડમિયમ (B) મેલાફાઈટ ગ્રીન (C) હેમી સેલ્યુલોઝ (D) ખમીરીકરણ

49 ધ ફ્રુટ પ્રોડક્ટ ઓર્ડર (F.P.O) કઈ સાલમાં અમલમાં આવ્યો?

(A) 1620 (B) 1880 (C) 1755 (D) 1955

50 B.I.S નું સંપૂર્ણ નામ જણાવો

(A) ભારત મહાનગર પાલિકા (B) ભારતીય માનક પ્રમાણપત્ર બ્યુરો

(C) ભારતીય મેનેજમેન્ટ બ્યુરો (D) બેંગ્લોર માનક પ્રમાણપત્ર

51 કૃષિ ઉત્પાદન અધિનિયમ કઈ સાલમાં અમલમાં આવ્યો?

(A) 1420 (B) 1937 (C) 1855 (D) 1945

52 મીઠાઈ પર લગાવવામાં આવતું વરખ શેમાંથી બનાવવામાં આવેલું હોય છે?

(A) એલ્યુમીનિયમ ફોઈલ (B) સિલ્વર ફોઈલ (C) જર્મનનું ફોઈલ (D) સેમોલીના ફોઈલ

53 ક્વોશિયોરકર નામનો રોગ શેની ઉણપથી થાય છે?

(A) વિટામીન (B) પ્રોટીન (C) કાર્બોહાઈડ્રેટ (D) ચરબી

54 રતાંધળાપણું કયા ખાદ્યપદાર્થની ઉણપથી થાય છે?

(A) લોહતત્વ (B) કાર્બોહાઈડ્રેટ (C) વિટામીન A (D) વિટામીન D

55 લોહતત્વની ખામીથી કયો રોગ થાય છે?

(A) મેરેઝમસ (B) ગોઈટર (C) રતાંધળાપણું (D) પાંડુરોગ

56 ગોઈટર નામનો રોગ કયા ક્ષારની ઉણપથી થાય છે?

(A) મેગ્નેશિયમ (B) પોટેશિયમ (C) આયોડિન (D) લોહતત્વ

57 કયા અંતઃસ્ત્રાવના સર્જન માટે આયોડિન જરૂરી છે?

(A) ઈસ્ટ્રોજન (B) પ્રોજેસ્ટીરોન (C) ટેસ્ટોસ્ટેરોન (D) થાયરોકસીન

58 નાયાસીનની ઉણપથી કયો રોગ થાય છે?

(A) સ્કર્વી (B) પેલાગ્રા (C) એનીમિયા (D) સુક્તાન

59 બેરીબેરી કયા વિટામીનની ઉણપથી થાય છે?

(A) વિટામીન K (B) વિટામીન E (C) વિટામીન A (D) વિટામીન B

60 ઓરી શેનાથી થતો રોગ છે?

(A) બેક્ટેરિયા (B) વાયરસ (C) A અને B બંને (D) વિષાણું

61 મધુપ્રમેહવાળી વ્યક્તિએ કાર્બોહાઈડ્રેટ કેટલા પ્રમાણમાં લેવું જોઈએ?

(A) 20 થી 50 ગ્રામ (B) 40 થી 60 ગ્રામ (C) 80 થી 100 ગ્રામ (D) 110 થી 130 ગ્રામ

62 ડાયાબીટીસવાળી વ્યક્તિના રોજીંદા આહારમાં ચરબીનું પ્રમાણ કેટલું હોવું જોઈએ?

(A) 5 થી 10 ગ્રામ (B) 15 થી 20 ગ્રામ (C) 30 થી 40 ગ્રામ (D) 60 થી 70 ગ્રામ

63 કઈ ઉંમરના બાળકોમાં વિટામીન "A"ની ઉણપની શક્યતા વધારે હોય છે?

(A) 2 થી 7 વર્ષના (B) 1 થી 5 વર્ષના (C) 4 થી 8 વર્ષના (D) 10 થી 15 વર્ષના

64 સરકાર દ્વારા વિટામીન "A" ની માત્રા બાળકોને 6 મહિને કેટલીવાર અપાય છે?

(A) 1 વાર (B) 3 વાર (C) 4 વાર (D) 7 વાર

65 વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ના સર્વેક્ષણો મુજબ આપણાં દેશની ગરીબ વસ્તીઓમાં 1 થી 5 વર્ષના બાળકોમાં કેટલા ટકા % પાંડુરોગી છે?

(A) 25% (B) 50% (C) 70% (D) 90%

66 ભારત સરકારે રાષ્ટ્રીય કંઠમાળ નિયંત્રણ કાર્યક્રમ કઈ સાલમાં શરુ કર્યો હતો?

(A) 1850 (B) 1962 (C) 1755 (D) 1972

67 10 ગ્રામ આયોડિનયુક્ત મીઠું કેટલા માઈક્રોગ્રામ આયોડિન પૂરું પાડે છે?

(A) 20 (B) 70 (C) 150 (D) 200

68 સંકલિત બાળવિકાસ સેવાઓ (ICDS) ભારત સરકારે કયા વર્ષમાં શરુ કર્યો?

(A) 1870-71 (B) 1975-76 (C) 1945-46 (D) 1960-61

69 ઓરીની રસી નાનાં બાળકને કઈ ઉંમરે આપવામાં આવે છે?

(A) 6 માસની વયે (B) 4 માસની વયે (C) 9 માસની વયે (D) 12 માસની વયે

70 મધ્યાહન ભોજન યોજનામાં બાળકની રોજીંદી જરૂરિયાતમાં કેટલા ગ્રામ પ્રોટીન પૂરું પાડતો આહાર આપવામાં આવે છે?

(A) 10 થી 15 ગ્રામ (B) 20 થી 30 ગ્રામ (C) 3 થી 10 ગ્રામ (D) 35 થી 40 ગ્રામ

71 FIFO નું સંપૂર્ણ નામ જણાવો

(A) ફર્સ્ટ ઇન ફર્સ્ટ ઓર્ગેનાઈઝેશન (B) ફર્સ્ટ ઇન ફર્સ્ટ આઉટ (C) ફેમીલી ઇન્ડેકસ ફર્સ્ટ આઉટ (D) ફર્સ્ટ ઇન્ડેકસ ફર્સ્ટ ઓર્ગેનાઈઝેશન

72 ભોજનમાં વિવિધતા લાવવા અને રસોડાનાં કાર્યનાં સંચાલનમાં શું મદદરૂપ થાય છે?

(A) વહીવટ (B) કાર્યપત્રક (C) સહાયક (D) કાર્યસાધકતા

73 આહારસેવા કેન્દ્રની બધી જ પ્રવૃત્તિઓનું કેન્દ્રબિંદુ શું છે?

(A) પૈસા (B) સમય (C) શક્તિ (D) મેનુ

74 1 ટેબલસ્પુન બરાબર કેટલા ગ્રામ થાય?

(A) 5 ગ્રામ (B) 15 ગ્રામ (C) 20 ગ્રામ (D) 25 ગ્રામ

75 5 ગ્રામ બરાબર કયું માપ કહેવાય?

(A) 4 ટીસ્પુન (B) 2 ટેબલસ્પુન (C) 1 ટીસ્પુન (D) 1 ટેબલસ્પુન

76 પ્રમાણિત માપ મુજબ ઘઉંનો લોટ 1કપ બરાબર કેટલા ગ્રામ થાય?

(A) 50 ગ્રામ (B) 100 ગ્રામ (C) 130 ગ્રામ (D) 150 ગ્રામ

77 પ્રમાણિત માપ મુજબ મકાઈના પૌઆ અડધા કપ બરાબર કેટલા ગ્રામ થશે?

(A) 30 ગ્રામ (B) 15 ગ્રામ (C) 10 ગ્રામ (D) 40 ગ્રામ

78 પ્રમાણિત માપ મુજબ ઘી 1 કપ બરાબર કેટલા ગ્રામ થશે?

(A) 60 ગ્રામ (B) 100 ગ્રામ (C) 200 ગ્રામ (D) 140 ગ્રામ

79 કઠોળ ફણગાવવાની પ્રક્રિયાથી કયા પોષણ મૂલ્યમાં વધારો થાય છે?

(A) કેલરી (B) ચરબી (C) વિટામીન D (D) વિટામીન B અને વિટામીન C

80 વિટામીન B સમૂહના વિશેષ પોષણમૂલ્યો રસોઈની કઈ પદ્ધતિથી બનાવતા વધારો થાય છે?

(A) ઉકાળીને રાંધવાથી (B) આથોલાવીને રાંધવાથી (C) વરાળથી બાફીને (D) ઊંડા તેલમાં તળવાથી

81 ચરબીદ્રાવ્ય વિટામીનનું નામ જણાવો

(A) વિટામીન B (B) વિટામીન A (C) વિટામીન B અને C (D) વિટામીન C

82 પાણીદ્રાવ્ય વિટામીનના નામ જણાવો

(A) વિટામીન K (B) વિટામીન B અને C (C) વિટામીન D (D) વિટામીન E

83 50 ગ્રામ પનીર બરાબર કેટલા મિ.લી. દૂધ થશે?

(A) 100 મિ.લી (B) 200 મિ.લી (C) 250 મિ.લી (D) 350 મિ.લી

84 રસોઈ બનાવવાની પદ્ધતિમાં સૌથી સારી પદ્ધતિ કઈ જેમાં મોટાભાગના પોષકતત્વો જળવાઈ રહે?

(A) પાણીમાં ઉકાળવાની (B) વરાળથી બાફવાની (C) છીછરાં તેલમાં તળવાની (D) તવી પર શેકીને બનાવવાની

85 પૂર્ણ પારિવારિક અંદાજપત્રમાં ત્રણ મૂળ આવશ્યક્તાઓમાં સૌપ્રથમ સ્થાન કોનું છે?

(A) કપડાં (B) મકાન (C) આહાર (D) શિક્ષણ

86 "સ્કર્વી" રોગ કયા વિટામીનની ખામીથી થાય છે?

(A) વિટામીન K (B) વિટામીન B (C) વિટામીન E (D) વિટામીન C

87 શારીરિક વૃદ્ધિ માટે ભોજનમાં કોનું હોવું જરૂરી છે?

(A) ધાન્ય (B) ચરબી (C) ક્ષાર (D) પ્રોટીન

88 બીમારીઓથી સંરક્ષણ અને શરીરની ક્રિયાઓને સુચારુ રુપથી ચલાવવા શેની જરૂર પડે છે?

(A) કઠોળ (B) અનાજ (C) વિટામીન અને ખનીજક્ષારો (D) કાર્બોહાઈડ્રેટ

89 ઉત્તરભારતમાં બનાવાતું વ્યંજન કયું છે?

(A) લાપસી (B) લાડું (C) રસગુલ્લા (D) પંજીરી

90 કાર્બોદિત પદાર્થોના પાચનનું મુખ્ય સ્થાન ક્યાં છે?

(A) સ્વાદુપિંડ (B) નાનું આંતરડું (C) જઠર (D) યકૃત

91 આપણાં શરીરમાં કાર્બોદિત પદાર્થ કયા રૂપમાં સંગ્રહિત થાય છે?

(A) હાઈડ્રોજન (B) ગ્લાયકોજન (C) ઓક્સીજન (D) ફોસ્ફેટ

92 પરિષ્કૃત અનાજ કોને કહેવાય?

(A) મેંદો તથા રવો (સોજી) (B) ઘઉં,બાજરી (C) દાળ, કઠોળ (D) ધાન્ય, અનાજ

93 પુખ્તવયની વ્યક્તિના શરીરમાં કુલ વજનના કેટલા % ટકા પાણી રહેલ છે?

(A) 50% (B) 60% (C) 75% (D) 90%

94 બધા પ્રકારના પ્રોટીન લગભગ કેટલાં એમિનો એસિડથી બનેલા હોય છે?

(A) 10 (B) 15 (C) 22 (D) 32

95 કઠોળમાં કયું એમિનો એસિડ ઓછી માત્રામાં જોવા મળે છે?

(A) ગ્લુટામિન (B) લાયસિન (C) ટાયરોસિન (D) મિથીયોનીન

96 હાઈડ્રોકસી પ્રોલિન કયો એસિડ છે?

(A) આવશ્યક એમિનો એસિડ (B) અનાવશ્યક એમિનો એસિડ (C) પેપટાઈડ (D) બેન્ઝોઇક

97 શક્તિ પ્રદાન કરનારા ખાદ્યપદાર્થ, કાર્બોદિત પદાર્થ અને બીજા કોનાંથી સમૃદ્ધ હોય છે?

(A) પ્રોટીન (B) ક્ષાર (C) ચરબી (D) પાણી

98 રેટીનોલ ક્યાંથી પ્રાપ્ત થાય છે?

(A) વનસ્પતિજન્ય ખાદ્યપદાર્થો (B) પ્રાણીજન્ય ખાદ્યપદાર્થો (C) સૂર્યના તડકામાંથી (D) પાણીમાંથી

99 લોહીને ગંઠાઈ જવામાં મહત્વપૂર્ણ કાર્ય કરતા વિટામીનનું નામ જણાવો

(A) વિટામીન D (B) વિટામીન A (C) વિટામીન B (D) વિટામીન K

100 વિટામીન B_2નું નામ જણાવો

(A) થાયામીન (B) રિબોફ્લેવીન (C) નિયાસીન (D) બીટાકેરોટીન